
**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૫.૪ ડીગ્રી
લઘુતમ : ૨૧.૨ ડીગ્રી
ભેજ
સવારે ૭૫ ટકા ● સાંજે ૮૦ ટકા

# શહેરમાં દિવાળીના દીવડાઓનું આગમન



ગાંધીનગર, તા.૧૮

દિવાળીનો તહેવાર નજીકમાં આવનાર છે ત્યારે શહેરના બજારમાં નાનાથી લઈ મોટા વેપારીઓ તૈયારી કરી રહ્યા છે. દિવાળી આવવાની હોય તેના અમુક સમય પહેલા જ ઘરે ઘરે દીવડા આપવા દીવા બનાવતા ભાઈઓ અને બહેનો આવી જતા હોય છે. તે સિવાય બજારમાં પણ માટીના ડિઝાઈનવાળા કોડીયા વેચાણમાં મુકાઈ જાય છે. આ વર્ષે શહેરના બજારમાં અલગ અલગ ડિઝાઈનવાળા માટીના દીવડા વેચાણમાં છે જેની કિંમત પર દીવડા દીઠ ૭ રૂપિયાથી ૪૦ રૂપિયા સુધીની છે.

અંધકારમાં અજવાળુ કરતા અને ઘરની શોભા વધારતા દીવડાનું મહત્વ તહવારોમાં કાંઈક અલગ જ હોય છે. ઘરે ઘરે દિવાળી પહેલાની અગિયારસથી દિવડા ઝગમગ થવા લાગે છે. તહેવાર દરમિયાન ઘરમાં દીવાની હાજરી એ ઘરના અંધકારની સાથે માણસના અંદરની એનર્જીને પણ પોઝીટીવ બનાવે છે. શહેરમાં દીવડાનું વેચાણ શરૂ થઈ ગયું છે. સાથે સાથે ઘરે ઘરે પણ દીવડા વેચવા માટે ભાઈઓ-બહેનો ફરી રહ્યા છે. એક દીવડાની કિંમત લગભગ રૂ. ૭ થી લઈ ૪૦ રૂપિયા સુધીની છે. સાદા ડિઝાઈનવાળા માટીના દીવડા ૩૫ રૂપિયાના ૪ નંગ અને કલરફૂલ ડેકોરેટીવ માટીના દીવડા ૧૨૦ રૂપિયાના ૪ નંગ એમ વેચાણમાં છે. આ સાથે પેકેટમાં વેચાતા માટીના તૈયાર દીવા એ ૧૦ રૂપિયા પર દીવડાથી લઈ ૫૦ રૂપિયા સુધી થતા ૨૦૦ રૂપિયાના ૫ નંગ એમ સાઈઝ મુજબ અલગ અલગ ભાવમાં વેચાણમાં છે. દીવડા વેચતા વેપારીઓના જણાવ્યા મુજબ દર વર્ષની જેમ આ વર્ષે અલગ અલગ ડિઝાઈનવાળા માટીના દીવડા વેચાણમાં છે. સાથે કલરફુલ મોટી સાઈઝના દીવડા પણ વધુ માત્રામાં વેચાઈ રહ્યા છે.





પોસ્ટલ પેન્શનર્સ એસોસિએશનની તાજેતરમાં ડૉ. આંબેડકર ભવન ગાંધીનગર ખાતે મળેલી ૧૯મી સાધારણ સભામાં મહેમાનો તેમજ વડીલોનું શાલ ઓઢાડી અભિવાદન કરવામાં આવ્યું હતું. રાજયભરમાંથી ૩૦૦થી વધુ સભ્યો આ સભામાં ઉપસ્થિત રહ્યા હતા.



સે-૫ વસાહત મંડળ દ્વારા સિનિયર સિટીઝન બી.ડી. શાહ, ગોવિંદસિંહ રાણા તથા મધુભાઈ મિસ્ત્રીના જન્મ દિવસની ઉજવણી સે-૫ જાહેર બગીચામાં કરવામાં આવી હતી. જેમાં સે-૫ વસાહત મંડળના પ્રમુખ કેશરીસિંહ બિહોલાએ ઉપસ્થિત રહી સર્વેને ગુલદસ્તો આપી જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી. ત્યારબાદ ઉપસ્થિત દરેકે સમુહ ભોજનની મજા માણી હતી.

## આજે કુડાસણ ખાતે વિના મુલ્યે સર્વ રોગ નિદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૧૮

વાઘેશ્વરી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તા. ૧૯ ઓકટોબરના રોજ કુડાસણ ખાતે વિના મૂલ્યે એકયુપ્રેશર સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ સવારે ૧૦ થી ૧૨.૩૦ તથા સાંજે ૪ થી ૭ કલાક દરમિયાન હરિગોલ્ડ એપાર્ટમેન્ટ દુકાન નં. ૧૨૧ ખાતે યોજાશે જેમાં કમરદર્દ, મણકા, સાંધા, ગરદન, માથુ, હાથ પગનો દુઃખાવો, વા, નસ, ગેસ તેમજ માનસિક બિમારી સહિત અન્ય રોગો માટે સુજોગ થેરાપી, એકયુપંચર, મેગ્નેટથેરાપી અને એકયુપ્રેશર થેરાપીનો ઉપયોગ કરીને નિદાન કરવામાં આવશે. સંસ્થા દ્વારા શહેરીજનોને આ કેમ્પનો લાભ લેવા જણાવાયું છે.

# રાયસણ ખાતે ઈન્ટરનેશનલ બોગસ કોલ સેન્ટર પકડાયું

ગાંધીનગર, તા.૧૮

રાયસણ વિસ્તારમાં સીમ્ફની બંગલા નં-૫ ખાતે વિદેશી નાગરીકોને લોનની લોભામણી લાલચો આપી ''પેય ડે''નામનું ઈન્ટરનેશનલ ગેરકાયદેસર કોલ સેન્ટર ચલાવતા શખ્સને પકડી પાડી લેપટોપ, મોબાઈલ તેમજ અન્ય ઈલેકટ્રોનીકસ ઉપકરણો કિ. રૂ.૪૬,૧૦૦ કબ્જે કરી છેતરપિંડી અને આઈટી એકટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર શહેરના ઈન્ફોસીટી અને પીડીપીયુ વિસ્તારમાં બોગસ કોલ સેન્ટરો ચાલી રહ્યા હોવાની શકયતાના આધારે જિલ્લા પોલીસ વડા મયુર ચાવડા એ અધિકારીઓને તપાસ માટે સુચના આપી હતી. જેને પગલે એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શનમાં પીએસઆઈ વી.કે.રાઠોડ, એમ.જે.શિંદે, કોન્સ્ટેબલ દિગ્વિજયસિંહ, અનુપસિંહ, અનોપસિંહ પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન દિગ્વિજયસિંહને ખાનગી રાહે બોગસ કોલ સેન્ટર અંગે ચોક્કસ બાતમી મળી હતી. જેને પગલે એલસીબીએ રાયસણ પીડીપીયુ પાછળ આવેલા સિમ્ફોની પાર્ક બંગલા નં-૫ ખાતે રહેતા સિધ્ધાર્થ વિપુલકુમાર દવેના ઘરે રેઈડ કરી હતી. જેમાં વિપુલ પોતાના લેપટોપના માધ્યમથી 'પેય ડે' નામનું ઈન્ટરનેશનલ બોગસ કોલ સેન્ટર ચલાવી યુએસએ સહિતના વિદેશી નાગરીકોને લોન અંગે લોભામણી સ્કીમ આપતા ઝડપાયો હતો. તેના ઘરેથી લેપટોપ, મેઝિક જેક, ફોન, પેન ડ્રાઈવ સહિતની ચીજવસ્તુ પોલીસે જપ્ત કરી છે. તે ઉપરાંત




લોન એપ્રુવલના જરુરી કાગળો,પીડીએફ ફાઈલ, રાઉટર સહિત કુલ રૂ. ૪૬૧૦૦ ની કિંમતનો મુદ્દામાલ કબ્જે કરાયો છે. એલસીબી પોલીસે આરોપી સામે ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનમાં વિશ્વાસઘાત અને આઈટી એકટ હેઠળ ગુનો નોંધાયો છે. જયારે આરોપીની પ્રાથમિક પુછપરછમાં તેણે કબુલાતમાં તેણે જણાવ્યું હું કે તે પહેલા તે એક કોલ સેન્ટરમાં નોકરી કરતો હતો. ત્યાંથી વિદેશના ગ્રાહકોના ડેટા પોતાના લેપટોપમાં લઈ લીધા હતા. મેજીક જેકની મદદથી વિદેશના કોલ પર વાત થઈ શકે તે માટે મેજીક જેક પણ તેણે ચોરી કરી લીધો હતો. પોલીસે આરોપીને કોર્ટમાં રજુ કરતા તેના બે દિવસના રિમાન્ડ મંજુર થયા છે. આરોપી પોતાના રાજસ્થાન અમદાવાદ રહેતા અન્ય સાગરીત સાથે મળી બોગસ કોલ સેન્ટર ચલાવી છેતરપિંડી કરતો હતો.



અવનવા રંગોની દુનિયા હોળી બાદ દિવાળીમાં ખીલી ઉઠે છે. હોળીમાં એકબીજા પર છાંટવામાં આવતા રંગો દિવાળીમાં ઘરની શોભા બને છે. દિવાળીના તહેવારો દરમિયાન અવનવી રંગોળીથી આંગણાને સજાવવાની પરંપરા હજુ જળવાઈ રહી છે. બજારોમાં રંગો વેચતા ફેરીયા સારી ઘરાકીની રાહ જોઈ રહ્યા છે.

## ફટાકડા ફોડવામાં સાવધાની રાખવી જરૂરી

દિવાળીના પર્વોનું આગમન થશે. ગૃહિણીઓ વાનગીઓ બનાવવામાં જોડાશે તથા ઘરની સજાવટમાં કામગીરી કરશે ત્યારે બાળકોની સાવધાની રાખવાની જરૂરિયાત છે. ફટાકડા ફોડવામાં કોઈ શારિરીક ઈજા કે નુકશાન થાય નહીં તે માટે જાગૃતિ રાખવી જરૂરી છે.





કુડાસણ સ્થિત ઉગતી હાઈટસ સોસાયટીની બહેનો રીનુ ઢીંગરા અને રીના મનોતરા દ્વારા કરવાચોથની પૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સોસાયટીની પચ્ચીસથી વધુ સુહાગણોએ ભાગ લીધો હતો.

## ગાંધીનગરમાં ૫૫ કોન્સ્ટેબલને હેડ કોન્સ્ટેબલ તરીકે બઢતી અપાઈ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર જિલ્લામાં વિવિધ પોલીસ મથકમાં ફરજ બજાવતા ૫૫ પોલીસ કોન્સ્ટેબલને હંગામી ધોરણે હેડ કોન્સ્ટેબલ તરીકે બઢતી આપવામાં આવી છે.હાલ જિલ્લામાં ખાલી પડેલી હેડ કોન્સ્ટેબલની જગ્યાએ હંગામી ધોરણે બઢતી આપવા માટે તાજેતરમાં જ કમિટિની બેઠક મળી હતી. જેમાં બઢતી માટે ફીટ જાહેર થયેલા ૫૫ જવાનોને તેઓની હાલની જ જગ્યાએ યથાવત રાખીને હંગામી ધોરણે બઢતી અપાઈ છે.

હંગામી બઢતી પામેલ જવાનો જે તે સંવર્ગનું ઉચ્ચ પગાર ધોરણ ધરાવતા હશે, તેમના પગારમાં કોઈ ફેરફાર નહીં થાય માત્ર તેઓની ફરજોમાં ફેરફાર થશે. જેથી કરીને બઢતીનો સ્વીકાર કરનાર અને બઢતીનો સ્વીકાર ન કરનાર જવાનોનો રિપોર્ટ મોકલી આપવા માટે જે તે પોલીસ મથકને જણાવાયું છે.

## મુવી હાઉસ

### પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧

- **વોર**
  ૯.૦૦, ૧૨.૨૦, ૧.૨૫, ૩.૪૦, ૬.૦૦, ૭.૦૦, ૧૦.૨૦
- **છીછોરે**
  ૭.૪૦
- **ડ્રીમગર્લ**
  ૨.૧૦
- **ધ સ્કાય ઈઝ પિન્ક**
  ૧૦.૦૦, ૧.૦૫, ૪.૧૦, ૭.૧૫, ૧૦.૩૦
- **જોકર (અંગ્રેજી)**
  ૧૦.૪૦, ૪.૪૫, ૭.૩૦, ૧૦.૧૫
- **જીમીની મેન**
  ૧૧.૩૦, ૫.૦૦, ૧૦.૪૫

### આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧

- **વોર**
  ૯.૧૦, ૧૧.૦૫, ૧૨.૧૫, ૨.૩૦, ૩.૩૦, ૬.૪૫, ૯.૦૦, ૧૦.૦૦
- **ધ સ્કાય ઈઝ પિન્ક**
  ૧૦.૦૦, ૧.૦૦, ૪.૧૦, ૭.૨૦, ૧૦.૩૦
- **જીમીની મેન**
  ૯.૨૦, ૧૧.૫૫, ૨.૩૦, ૮.૧૦, ૧૦.૪૫
- **જોકર (અંગ્રેજી)**
  ૧૨.૧૦, ૫.૨૦
- **જોકર (અંગ્રેજી) (હિન્દી સબટાઈટલ સાથે)**
  ૯.૩૫, ૨.૪૫, ૬.૨૦, ૭.૫૫, ૧૦.૩૦
- **બીજો દિવસ**
  ૫.૦૫

### આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬

- **વોર**
  ૯.૨૫, ૧૧.૩૦, ૧૨.૩૦, ૩.૪૦, ૫.૦૫, ૬.૫૦, ૯.૦૦, ૧૦.૦૦
- **ધ સ્કાય ઈઝ પિન્ક**
  ૯.૦૫, ૧૦.૦૦, ૧૧.૩૦, ૧૨.૩૦, ૨.૪૦, ૩.૪૦, ૫.૫૦, ૬.૫૦, ૯.૦૦, ૧૦.૦૦
- **જીમીની મેન**
  ૯.૦૦, ૨.૩૫, ૬.૨૦, ૧૦.૪૫
- **જોકર (અંગ્રેજી) (હિન્દી સબટાઈટલ સાથે)**
  ૮.૫૫, ૧.૦૦, ૩.૪૦, ૮.૧૦

## રવિવારે દાદા ભગવાન પરિવાર દ્વારા સત્સંગ યોજાશે

ગાંધીનગર, તા.૧૮

દાદા ભગવાન પરિવાર ગાંધીનગર સેન્ટર દ્વારા આત્મજ્ઞાની પુજય નીરુમા અને પુજયશ્રી દિપકભાઈના આશીર્વાદ પ્રાપ્ત આપ્ત પુત્રનો સત્સંગ કાર્યક્રમનું આયોજન આંબેડકર ભવન સેકટર-૧૨ ખાતે તા. ૨૦ ઓકટોબરના રોજ સાંજે ૪.૩૦ થી ૭.૩૦ કલાક દરમિયાન યોજાશે. ગાંધીનગરના ધર્મપ્રેમી ભાઈઓ તથા બહેનોએ સત્સંગ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા સંસ્થાના કોઓર્ડીનેટર આર.એમ. સોંદરવા દ્વારા જણાવાયું છે.

# દિવાળી ઈફેકટ : શહેરમાંથી દરરોજ ૧૦ થી ૧૨ ટન પસ્તીનો નિકાલ

**પેપર પસ્તી ઉપરાંત પ્લાસ્ટિક, લોખંડ સહિત જુના ફર્નિચર વગેરેનો ભંગાર પણ મોટા જથ્થામાં કઢાઈ રહ્યો છે : પસ્તી ભંગાર માટે પણ હોમ સર્વિસ સાથે ઓનલાઈન સેવાઓ ઉપલબ્ધ બની**

ગાંધીનગર, તા.૧૮

દિવાળી એટલે દિપોત્સવના ઉજાસમાં જુની ઘરેડને ખંખેરી નૂતન વર્ષે નાવિન્યને પામવાનું પર્વ. આ પર્વમાં દરેક પરિવાર પોતાના ઘર કે દરેક વેપારી પોતાની દુકાનમાં રહેલી જુની પુરાણી નકામી ચીજવસ્તુઓનો નિકાલ કરી સાફસુફી સાથે નવી સજાવટ કરે છે. દિવાળીમાં ઘરમાં રહેલા પસ્તી-ભંગારનો પણ નિકાલ કરવાની પ્રથા જોવા મળે છે જેના પગલે આ પર્વ પસ્તી ભંગારના વેપારીઓ-ફેરિયાઓ માટે 'સીઝન' ગણાય છે. એક અંદાજ મુજબ અત્યારે પાટનગરમાંથી દરરોજની આશરે ૧૦ થી ૧૨ ટન પસ્તીનો જથ્થો નીકળે છે જે વિવિધ સ્થળોએ પેપર મીલોમાં રિસાયકલ માટે જાય છે. તેજ રીતે પાંચથી સાત ટન પ્લાસ્ટિક ભંગાર સહિત લોખંડ ભંગાર તથા અન્ય નકામી ચીજવસ્તુઓનો નિકાલ થઈ રહ્યો છે હવે ફેરિયાઓ ડિઝીટલ વજન કાંટા લઈને ગ્રાહકના ઘરે કે ઓફિસેથી પસ્તી-ભંગાર કલેકટ કરી જવાની સેવા આપે છે.

ગાંધીનગરમાં ગૃહિણીઓ અત્યારે ઘર સફાઈમાં વ્યસ્ત છે અને ઘર સફાઈ દરમિયાન સૌથી પહેલા ઘરમાં એકઠી થયેલી જુના અખબારો-સામયિકો વગેરેની પેપર પસ્તી કાઢવામાં આવે છે. આ ઉપરાંત બાળકોના જુના પુસ્તકો, ઘરમાં ખરીદેલી ચીજવસ્તુઓના ખાલી બોકસ, પૂંઠા, કાર્ડ-કંકોત્રી જેવી પસ્તી કાઢવામાં આવી રહી છે. આ સાથે પ્લાસ્ટિકની નકામી ચીજવસ્તુઓ જેવી કે વપરાયેલા ટુથ બ્રશથી માંડીને ખાલી બાટલીઓ, ડબ્બા-ડબ્બીઓ, તુટેલા ટબ કે તુટેલી મોલ્ડીંગ ખુરશીઓ, રમકડાં, ટીન, પાણી બોટલો, સોફટ ડ્રિંકસની બોટલો, કલરના ડબ્બાં, તુટેલા ડોલ-બાસ્કેટ વગરે ઉપરાંત અન્ય ભંગાર જેવા કે તેલના ખાલી ડબ્બા, તુટેલા ફોન, માઉસ કી બોર્ડ, બગડી ગયેલા ઈલેકટ્રીક કે ઈલેકટ્રોનિકસ ઉપકરણો, દુધની થેલીઓ, થર્મોકોલના પેકિંગ, ઈલેકટ્રીકનો ભંગાર વગેરેનો પણ નિકાલ કરવામાં આવે છે. દરેક પસ્તી અને ભંગારની કેટેગરી પ્રમાણે અલગ અલગ ભાવ હોય છે જે મુજબ કેટલીક હોંશિયાર ગૃહિણીઓ દરરોજ પસ્તી-ભંગારને અલગ પાડીને જ સંગ્રહ કરતી હોય છે જેથી તેને વેચવામાં આસાની રહે અને સારું વળતર મેળવી શકાય.

ગાંધીનગરમાં સેકટર-૨૪માં છેલ્લા ૩૫ વર્ષથી પસ્તી-ભંગારનો વ્યવસાય કરતા વડિલ વેપારી માંગીલાલ ગુર્જરના જણાવ્યા મુજબ શહેરમાંથી દરરોજ અંદાજે ૧૦ થી ૧૨ ટન પેપર પસ્ટી બહાર પેપર મીલોમાં વેચાવા માટે જાય છે. જેમાં અમદાવાદ, છત્રાલ, સુરતની પેપર મીલો મુખ્ય છે. આ ઉપરાંત પંજાબની ખન્ના પેપરમીલ પણ દિવાળીમાં કેટલાક દિવસ ખરીદી માટે સક્રીય થાય છે. અને તે સમયે પેપર પસ્તીનો ભાવ રૂ. ૨ થી ૩ સુધી વધી જાય છે. પ્લાસ્ટિકનો ભંગાર નરોડા અને છત્રાલ તરફ કેટેગરી મુજબ જાય છે. પ્લાસ્ટિકના ભંગારમાં વિવિધ કવોલિટી મુજબ શોર્ટીંગ કરવું પડે છે. ગાંધીનગરમાં સે-૨૪ ઉપરાંત ફતેપુરા તથા ઈન્દ્રોડા જેવા સ્થળોએ પસ્તી ભંગારના મોટા વેપારીઓ હોવા સાથે અનેક નાના મધ્યમ વેપારીઓ-ફેરિયાઓ કાર્યરત છે. અમદાવાદના નરોડા-શાહીબાગ વગેરે સ્થળોએથી પણ વપારીઓ પીકઅપ ડાલુ લઈને પસ્તી ભંગાર ઉઘરાવી જાય છે.

### પસ્તી-ભંગારના હાલના બજારભાવ

**ગાંધીનગરમાં અત્યારે પસ્તી-ભંગારમાં ભાવોમાં રોજ ફેરફાર જોવા મળે છે અને પસ્તીની આવક વધતા ભાવોમાં ઘટાડો જોવા મળ્યો છે. અંદાજિત ભાવ આ મુજબ છે.**

**પેપર પસ્તી - ૯ થી ૧૧ રૂપિયે કિલો**
**પ્લાસ્ટિક ભંગાર - ૭ થી ૯ રૂપિયો કિલો**
**પૂંઠા-બોક્સ-રંગીન કાગળ - ૪ થી ૫ રૂપિયે કિલો**
**લોખંડનો ભંગાર - ૧૬ થી ૧૮ રૂપિયે કિલો**
**તેલના ખાલી ડબ્બા- રૂ. ૧૮ થી ૨૨ પ્રતિ નંગ**
**દૂધની થેલી - રૂ. ૬ થી ૬ રૂપિયે કિલો**





